રોકાણકારોના સ્વજનોના હિતમાં સેબીનું રાહતદાયી પગલું

# ઈન્વેસ્ટરના અવસાન બાદ તેની મિલકતના હકક મેળવવાનો માર્ગ સરળ બનાવાયો

**ઈન્વેસ્ટર અવસાન પામે ત્યારે તેના શેર્સ સહિતના સાધનોના નાણાં મેળવવાની વિધિ માટે સેબીએ સેન્ટ્રઈલાઇઝડ, સરળ અને ઝડપી યંત્રણા બનાવી છે, જે જાન્યુઆરી ૨૦૨૪ થી લાગુ થશે.**

**આ પગલું શા માટે ભરાયું? તેનાથી કોને રાહત થશે? એ સમજીએ....**

આપણા પરિવારનું કોઈ સ્વજન અવસાન પામે ત્યારે આપણને દુઃખ થવું સ્વાભાવિક છે, પરંતુ એ સ્વજનનું શેરબજારમાં-મ્યુચ્યુઅલ ફંડમાં સારું એવું રોકાણ હોય તો એમની વિદાયના દુઃખ સાથે પણ એ શેર્સ, મ્યુચ્યુઅલ ફંડસ, વગેરે સમાન સાધનોની રકમ અટવાઈ ન જાય અને તેના પર અધિકાર મેળવવા ફાંફા ન મારવા પડે કે સંઘર્ષ ન કરવો પડે એ માટે કેટલાંક વ્યવહારું પગલાં ભરી લેવાં અનિવાર્ય બને છે. અત્યાર સુધી અવસાન પામનાર ઈન્વેસ્ટરના પરિવારજનો-સ્વજનોને તેમનો અધિકાર મેળવવામાં મુશ્કેલી પડતી રહી છે, લાંબો સમય વ્યતીત કરવો પડતો રહયો છે. સિકયોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ આ આખી વિધિને સરળ અને ઝડપી બનાવવા એક મહત્ત્વનું કદમ ભર્યું છે.

**તમારા શેર્સ પરના હકકને બચાવો**

થોડા વખતથી મ્યુચ્યુઅલ ફંડ, બેંક ડિપોઝિટસ, મૂડીબજાર-ફાઈનાન્સિયલ માર્કેટનાં સાધનોના રોકાણ સંબંધી નોમિની નીમવાનું સેબી તરફથી ફરજિયાત બનાવી તેના પર જોર અપાતું રહ્યું છે, નોમિની વિનાના એકાઉન્ટસ ફ્રીઝ કરી દેવાની ચેતવણી પણ અપાઈ છે. આ વિષયમાં તાજેતરમાં સેબીએ એક નવું અને નોખું પગલું ભર્યું છે, જેમાં રોકાણકારનું અવસાન થાય એ પછી તેના પરિવારના કે નોમિની-વારસદાર સભ્યોને હક્ક મેળવવામાં પડતી મુશ્કેલીનો ઉપાય છે, દરેક રોકાણકાર-બચતકાર અને તેમના પરિવાર-નોમિની સભ્યોએ આ પગલાંને સમજવું જરૂરી છે. અલબત્ત, સેબીનું આ કદમ તેના નિયમન હેઠળ આવતાં દરેક ઈન્વેસ્ટમેન્ટ સાધનોને લાગુ પડશે. એ શેર્સ હોય કે મ્યુચ્યુઅલ ફંડ. અહીં એ નોંધવું રહયું કે આજે પણ અબજો રૂપિયાના મુલ્યના શેર્સ, ફંડસ, વગેરે અનકલેઈમ્ડ (વિના દાવાના) પડયા છે, જેને અમુક વરસ બાદ એ એસેટસ કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટ્રી ઈન્વેસ્ટર્સ પ્રોટેકશન ફંડમાં ટ્રાન્સફર કરી દેવાતી હોય છે, જેના પર પછીથી હક્ક જમાવવો કે તેને મેળવવાનું કાર્ય વારસદારો માટે વધુ કપરું બની રહે છે.

**મરણ બાદ કેઆરએને રિપોર્ટિંગ**

સેબીના કદમ મુજબ રોકાણકારનું અવસાન થાય ત્યારે તેનું રિપોર્ટિંગ કેવાયસી રજિસ્ટ્રેશન એજન્સી (કેઆરએ)ને થઈ શકશે. સેબીએ આ માટે ખાસ સેન્ટ્રલાઈઝડ (કેન્દ્રિય) યંત્રણા ઊભી કરી છે. અર્થાત કેઆરએ સાથેની વિધિ પૂરી કર્યા બાદ તેમાં બધાં રોકાણ સાધનોને આવરી લેવાશે. સ્વર્ગસ્થ રોકાણકાર વ્યકિતની મિલકતના દાવા માટે જુદી-જુદી વિધિ કરવી પડશે નહીં. આ રિપોર્ટિંગ જોઈન્ટ એકાઉન્ટ હોલ્ડર, નોમિનીઝ, કાનૂની વારસદારો અને પરિવારના સભ્યો કરી શકે. આ માહિતી બીએસઈ અને એનએસઈને ઈન્વેસ્ટરના ડેથ સર્ટિફિકેટ અને પેન કાર્ડ સુપરત કરીને જમા કરાવી શકાય. આટલી વિધિ કરતાં જ તે સ્વર્ગસ્થ ઈન્વેસ્ટર વ્યકિતના એકાઉન્ટમાં કોઈ ડેબિટ વ્યવહાર થઈ શકશે નહીં, અર્થાત કોઈ તેમાંથી નાણાં કે શેરનો ઉપાડ તરત કરી શકશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો એ એકાઉન્ટનાં બધા જ ડેબિટ વ્યવહારો બ્લોક કરી દેવાશે.

અવસાનના પાંચ દિવસ બાદ તેના પરિવારના સભ્યો/ નોમિનીઝને શેર ટ્રાન્સફરની વિધિ વિશે માહિતગાર કરાશે. આનું કેવાયસી બ્લોકડ પરમેનન્ટલી ગણાશે. આ નવી યંત્રણા તા. ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી અમલમાં આવશે.

જાણકારો કહે છે, અત્યાર સુધી રોકાણકારના અવસાન બાદ તેનાં વિવિધ રોકાણ સાધનોનાં નાણાં મેળવવા માટેની કોઈ એકસમાન વિધિ નહોતી, જેને કારણે ગૂંચવણો સર્જાતી રહેતી તેમ જ લાંબો સમય જતો હતો, જયારે કે હવે પછી જાન્યુઆરીથી સેબીના આ પગલાંને પરિણામે આ કાર્ય સરળતાથી અને ઝડપથી થઈ શકશે.

**નાણાં કોના માટે કમાઈએ-બચાવીએ છીએ?**

આપણને એ સવાલ થવો જરૂરી છે કે આપણે કોના માટે નાણાં કમાઈએ, બચાવીએ યા જમા કરીએ છીએ, તેના પર સમયાંતરે અથવા લાંબે ગાળે સારું વળતર મળે એ માટે તેનું ઈન્વેસ્ટમેન્ટ કરીએ છીએ. આપણે આપણા મા-બાપ, સંતાનો, પતિ કે પત્ની વગેરે સમાન સ્વજનો માટે પોતાની સંપત્તિ છોડી જવા માગતા હોઈએ છીએ, કિંતુ જો અચાનક આપણને કંઈક થઈ જાય, આપણું મૃત્યુ આવી જાય તો ? આવા સંજોગોનો વિચાર કરીને આપણે રોકાણ માટે નોમિનીઝ રાખતા હોઈએ છીએ, જેથી આપણા અવસાન બાદ તે સંપત્તિ નોમિનીને મળી શકે. પરંતુ શું આપણે જાણીએ છીએ કે નોમિની એટલે કોણ? નોમિનીને આપણી સંપત્તિ મળશે, કિંતુ તે માત્ર તેનો કેરટેકર કે ટ્રસ્ટી હશે, માલિક નહીં. જેથી એ સત્ય સમજી લેવાની જરૂર છે કે નોમિનીની ફરજ આ સંપત્તિ તમારા ખરાં કાનૂની વારસદારને આપી દેવાની છે.

હવે તમને સવાલ થાય કે આ કાનૂની વારસદાર કોણ ગણાય? તો જવાબ છે કે જેમનાં નામો તમે તમારા વિલ-(વસિયતનામા) માં લખ્યાં છે તેઓ કાનૂની વારસદાર છે. તો પછી નોમિની કોણ હોય છે? શા માટે નોમિની નિમાય છે? નોમિનીની ભૂમિકા શી હોય છે? આની ચર્ચા અને સમજણ બીજા પ્રકરણમાં અપાઈ છે.

પ્રસ્તુતકર્તા- જયેશ ચિતલિયા

(નોંધઃ આ લેખમાં વ્યક્ત કરાયેલા વિચારો અને અભિપ્રાય લેખકના છે, જેનો હેતુ રોકાણકારોની જાણકારી અને જાગૃતિ માટે છે, આમાં કોઈ ક્ષતિ હોય અથવા અધૂરપ હોય તો એ માટે બીએસઈ જવાબદાર નથી).